"મુખ્યમંત્રી અમૃતમ"(મા) યોજનાના સ્ટેટ નોડલ સેલ માટે કરાર આધારિત જગ્યાઓ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.,
ઠરાવ ક્રમાંકઃએફપી. ડબલ્યુ/ ૧૦૨૦૧૨/૧૪૦૩/બ.૧,
સચિવાલય ,ગાંધીનગર.
તાઃ ૦૧ - ૦૨ - ૨૦૧૩.

વંચાણે લીધા

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧, તાઃ ૧૮-૦૪-૨૦૧૨.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૮૪૪/બ.૧, તા.૦૨/૦૬/૨૦૧૨.

(૩) કમિશ્નરશ્રી (આરોગ્ય) ની તા.૮-૯-૨૦૧૨ની એસએફએસ ફાઈલ પરની દરખાસ્ત.

આમુખ

રાજયનાં ગરીબી રેખા હેઠળ જીવતા કુંટુબો માટે અતિ ગંભીર બિમારીઓની સારવાર વિનામુલ્યે મળી રહે અને આરોગ્ય સુરક્ષા પ્રદાન થાય તે માટે વંચાણે લીધેલ ક્રમાંક-૧ નાં ઠરાવથી રાજય સરકારે સમગ્ર રાજયમાં "મુખ્યમંત્રી અમૃતમ (મા) નામની યોજના ચાલુ નાણાંકીય અંદાજપત્રમાં રૂ.૨૦૦/-કરોડની જોગવાઈ કરીને અમલમાં મુકેલ છે. સંદર્ભ કમાંક-૨ ના ઠરાવથી આ યોજનાના અમલીકરણ માટે રાજ્યકક્ષાએ કમિશ્નરશ્રી (આરોગ્ય) ની કચેરી હસ્તક સ્ટેટ નોડેલ સેલની રચના કરવામાં આવી છે અને એકઝીકયુટીવ કમિટીની રચના કરવામાં આવેલ છે. આ સેલ હેઠળ હાલ આરોગ્ય વિભાગ હેઠળના કાર્યરત કર્મચારી/અધિકારીઓ પાસેથી વધારાની કામગીરી સોંપીને કામગીરી લેવામાં આવે છે પરંતુ આ યોજનાના સફળ અમલીકરણ માટે સ્ટેટ નોડેલ સેલમાં કાયમી અધિકારી/કર્મચારીઓની કુલ ૧૮ સહાયક સ્ટાફની જરૂરીયાત હોવાથી કમિશ્નરશ્રી (આરોગ્ય) એ સંદર્ભ ક્રમાંક ૩ થી આ જગ્યાઓ ભરવા મંજુરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે રાજયમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે અતિ ગંભીર બિમારીઓની સારવાર વિના મુલ્યે મળી રહે અને આરોગ્ય સુરક્ષા પ્રદાન થાય તે માટે તેઓને મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજનાના સફળ અમલીકરણ માટે પ્રોજેકટ ડાયરેકટર અને હિસાબી અધિકારીશ્રીની જગ્યા વધારાના હવાલાથી ભરેલ છે.જે બાદ કરતા બાકી રહેતી ૧૭

જગ્યાઓને આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ **કરારથી** ભરવાની નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

**શરત**

(૧) મંજુર કરેલ જગ્યાઓ પૈકી જે જગ્યાઓ માટે સરકારશ્રીનાં ધારાધોરણ નિયત થયેલ હોય તે જગ્યાઓને તે ધોરણો મુજબ તથા અન્ય જગ્યાઓને NRHM મુજબ વેતન ચુકવવાનુ રહેશે.

(૨) આ જગ્યાઓનો ખર્ચ ચાલુ વર્ષના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

(૩) કરાર આધારિત જગ્યાઓ એન.આર.એચ.એમ (NRHM) ની પધ્ધતિનુસાર ભરવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક -૪૦ મુખ્યસદર -૨૦૧૧ પરિવાર કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૦, ગૌણ-૧૦૩-પ્રસુતિ અને બાળ આરોગ્ય અને પેટાસદર (૦૬) આરોગ્ય સુરક્ષા યોજના (આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૭-૧-૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ગૌરાંગ શાહ)
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

નકલ રવાના પ્રતિ,

મા. મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર

મા. મંત્રીશ્રી, આરોગ્યના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર

મા. રા.ક. મંત્રીશ્રી, આરોગ્યના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગ સચિવાલ ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી, તબીબી શિક્ષણ અને તબીબી સેવાઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી, (જાહેર આરોગ્ય) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.

અધિક નિયામકશ્રી, આરોગ્ય/ તબીબી સેવાઓ/ પ.ક./ત.શિ, પ ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

મિશન ડાયરેકટરશ્રી (એનઆરએચએમ) ૫, ડૉ જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
પ્રોજેકટ ડાયરેકટરશ્રી " મા યોજના " અને અધિક સચિવશ્રી (ત.શિ), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી , અમદાવાદ/ગાંધીનગર
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર } મારફતેઃ અધિક નિયામકશ્રી (પ.ક), ડૉ જીવરાજ
સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ } ભવન,ગાંધીનગર
સંકલન શાખા તથા આઇ.ટી.સેલ, કમિશ્નરશ્રી,આરોગ્ય (વેબ સાઇટ ઉપર ઠરાવ મુકવા સારુ)
પસંદગી ફાઇલ- ૨૦૧૩
નાયબ સેકશન અધિકારીશ્રીની પસંદગી ફાઇલ.

---

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ ના તા.૧ - ૨ - ૨૦૧૩ના ઠરાવ ક્રમાંક એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૧૪૦૩-બ.૧ થી માન,મુખ્યમંત્રીશ્રી અમૃતમ(મા) યોજના હેઠળ કરાર આધારિતથી ભરવા મંજુર કરેલ જગ્યાઓનું વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ | મંજુર કરેલ જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓપરેશન મેનેજર | ૧ |
| ૨ | પબ્લીક હેલ્થ મેનેજર | ૧ |
| ૩ | આઈ.ટી. કન્સલટન્ટ | ૧ |
| ૪ | ટ્રેનીંગ મેનેજર | ૧ |
| ૫ | કો-ઓર્ડીનેટર | ૭ |
| ૬ | ફાઈનાન્સ આસીસ્ટન્ટ | ૨ |
| ૭ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨ |
| ૮ | આઈ.ઈ.સી.કન્સલટન્ટ | ૧ |
| ૯ | ઈન્ટરનલ ઓડીટર | ૧ |
| | કુલ | ૧૭ |

Shahgaurang ૬/૫/૧૩
(ગૌરાંગ શાહ)
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.